# Faculty Change Programme

## ‘વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ’ અંતર્ગત અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા અરજીઓ મંગાવવા અંગે

### નોટિસ

તાઃ-૨૩/૦૭/૨૦૧૮

**પ્રતિ,**
**‘વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ’ અંતર્ગત અન્ય વિદ્યાશાખમાંથી વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ તરફ...**

**‘વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ’** (Faculty Change Program) અંતર્ગત અન્ય વિદ્યાશાખમાંથી વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓને મા.કુલપતિશ્રીનાં આદેશાનુસાર જણાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાત યુનિવર્સિટીમાં વિનયન વિદ્યાશાખા સાથે સંલગ્ન વિવિધ વિદ્યાભવનો, અનુસ્નાતક કેન્દ્રોમાં અનુસ્નાતક કક્ષાએ એમ.એ. અભ્યાસક્રમમાં વિવિધ વિષયોમાં **‘સ્ક્રનીંગ ટેસ્ટ’ ઉત્તીર્ણ કરવાની શરતે અનુક્રમે યુનિવર્સિટીનાં સબંધિત વિભાગ/અનુસ્નાતક કેન્દ્રમાં ઉપલબ્ધ અને ખાલી સીટો ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતાં વિદ્યાર્થીઓ પાસેથી આ સાથે બિડેલ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.**

**અરજીઓ તાઃ-૦૪/૦૮/૨૦૧૮ને શનિવારનાં રોજ બપોરે ૦૨-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.**

અરજી મોકલવાનું સ્થળઃ- **કૉ-ઓર્ડિનેટર, વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ, ભાષા-સાહિત્ય ભવન,**
**ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ-૦૯**

અન્ય વિદ્યાશાખામાંથી વિનયન વિદ્યાશાખાનાં અનુસ્નાતક કક્ષાએ સબંધિત વિષયમાં ખાલી અને ઉપલબ્ધ સીટો ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓનો સ્કીનીંગ ટેસ્ટ સંભવતઃ **તાઃ-૦૭/૦૮/૨૦૧૮**ને મંગળવારનાં રોજ બપોરે **૦૪-૦૦ થી ૦૫-૦૦** દરમ્યાન **ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૦૯** ખાતે યોજવામાં આવશે.

*આ માટે જે તે વિદ્યાર્થી દ્વારા પસંદ કરાયેલ વિષયનો સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમનાં સમકક્ષ પેપરો પૈકી ૨૦ ગુણની વર્ણનાત્મક (Descriptive) અને ૩૦ ગુણની વૈકલ્પિક (MCQ) એમ કુલ ૫૦ ગુણનો સ્કીનીંગ ટેસ્ટ લેવામાં આવશે. પ્રવેશ પાત્રતા માટે જે તે વિદ્યાર્થીઓએ આ સ્કીનીંગ ટેસ્ટમાં લઘુત્તમ ૫૦ ટકા ગુણ લાવવાનાં રહેશે. આ સ્કીનીંગ ટેસ્ટ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓને અનુક્રમે અનુસ્નાતક કક્ષાએ જે તે વિભાગ/અનુસ્નાતક કેન્દ્રમાં સબંધિત વિષયની ખાલી અને ઉપલબ્ધ સીટો ઉપર મેરીટ અનુસાર પ્રવેશ ફાળવવામાં આવશે.*

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ પ્રવેશ પરીક્ષા, પ્રવેશપાત્રતા ઇત્યાદિ સહિતનાં તમામ નિયમો પ્રત્યેક ઉમેદવારને બંધનકર્તા રહેશે. પ્રવેશ કાર્યવાહી દરમ્યાન જરૂર જણાયે કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે.

પ્રવેશ પરીક્ષા સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓની યાદી તથા પ્રવેશ મેળવવા સબંધિત આવશ્યક સૂચનાઓ ગુજરાત યુનિવર્સિટીની અધિકૃત વેબસાઇટ http://www.gujaratuniversity.ac.in ઉપર વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવશે. સમયમર્યાદાને કારણે આ માટે અલગથી વ્યક્તિગત કોઇ પત્રવ્યહવાર કરવામાં આવશે નહિ. જેની સૌ વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

પ્રવેશ પરીક્ષા માટે એક જ પ્રયત્ન આપવામાં આવશે. જે તે વિદ્યાર્થીઓએ નિયત તારીખે અને નિયત સમયે પોતાનાં સરકારમાન્ય કોઇપણ ઓળખપત્ર સાથે સ્વખર્ચે ઉપરોક્ત પરીક્ષા સ્થળે અચૂક ઉપસ્થિત રહેવું.

**નોંધઃ-વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ અભ્યાસ કરી ચૂકેલાં વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવવા ઇચ્છતાં હોય તેઓએ માત્ર અરજી કરવાની રહેશે. તેઓને સ્કીનીંગ ટેસ્ટમાંથી મુક્તિ આપવામાં આવશે.**

**કૉ-ઓર્ડિનેટર, વિદ્યાશાખા પરિવર્તન કાર્યક્રમ, ભાષા-સાહિત્ય ભવન,**
**ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ-૦૯**

પ્રેષકઃ-

________________________

________________________

________________________

________________________

મોબાઇલ નંઃ-

તાઃ- / /૨૦૧૮

કૉ-ઑર્ડિનેટરશ્રી,
ફેકલ્ટી ચેન્જ પ્રોગ્રામ,
ભાષા-સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૦૯

બાબતઃ-અન્ય વિદ્યાશાખામાંથી વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ આપવા અંગે.

સાહેબશ્રી,
ઉપરોક્ત વિષયનાં અનુસંધાને હું શ્રી/શ્રીમતી/કુ ________________________________ ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ ________________વિષયમાં નિયમિત (રેગ્યુલર) તરીકે સ્વેચ્છાએ પ્રવેશ મેળવવા ઇચ્છુક છું. આ પ્રવેશ માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ સ્ક્રીનીંગ ટેસ્ટ આપવા માટે હું તૈયાર છું. ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિયમોનુસાર ________________વિષયનાં સબંધિત વિભાગમાં અને/કે અનુસ્નાતક કેન્દ્રમાં ઉપલબ્ધ ખાલી સીટ ઉપર મેરીટ અનુસાર પ્રવેશ ફાળવાશે તો તે અમોને મંજૂર છે. આ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવેશ, પ્રવેશ પરીક્ષા, પ્રવેશપાત્રતા ઇત્યાદિ સહિતનાં નિયત કરાયેલ તમામ નિયમો મેં જાણ્યાં-સમજ્યા છે અને મને બંધનકર્તા છે.

**આ અગાઉ મેં પસાર કરેલ અભ્યાસક્રમની વિગતો નીચે મુજબ છે.**

| વર્ષ | અભ્યાસક્રમ | મુખ્ય વિષય | કુલ ગુણ | મેળવેલ ગુણ/ટકા | પ્રયત્ન | યુનિવર્સિટીનું નામ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

આ સાથે મારી સ્નાતક/અનુસ્નાતક પરીક્ષાનાં શૈક્ષણિક લાયકાતનાં તમામ પ્રમાણપત્રો/માર્કશીટ/આધારકાર્ડ ઇત્યાદિ આ સાથે સામેલ છે.

આપનો/ની વિશ્વાસુ

વિદ્યાર્થી/વિદ્યાર્થીની સહિ

બિડાણઃ-ઉપર મુજબ